રંગોલી હોલ સેલના ભાવે મળશે
સફેદ કરોઠી તથા સ્પે. કલરીંગ રંગોલી (૨૫ કિલો) ૧૫૦/-
કરોઠી સફેદ (૪૦ કિલો) ૯૦/-
ચીકન કલર ૫૦/- ૧ KG
કલરીંગ લુઝ પેક ૧ KG કલરીંગ રંગોલી રૂા. ૧૦/-
સફેદ કરોઠી ૨ કિલો ના રૂા. ૧૦માં હોલસેલ મળશે.
ગેરૂ ૫૦ રૂ/-
ઉમા ટ્રેડીંગ કું.
૪/૧૩૮ હરીપુરા, પીરછડી રોડ સુરત.
મો. ૯૮૨૫૦૮૩૮૪૧-૯૮૨૪૪૮૩૮૪૧



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



ઘર સજાવટની તમામ વેરાઈટીઝ મેળવવા
+ સીંગલબેડ-ડબલબેડ-કિંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing- Raymond)
+ Raymond / Mafatlal / Mayur મીલની પેન્ટપીસ + શર્ટપીસની જોડી(ગીફ્ટપેકિંગમાં)
+ લકઝરી મીંક બ્લેન્કેટ (જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સુપર સોફ્ટ કોરલ બ્લેન્કેટ (સીંગલ / ડબલ)
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાદરા/ગુંડેલી)
+ દિવાનસેટ - સોફાકવરસેટ - ગાલીચા
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ / ટુવાલ સેટ
+ શેતરંજી + આસન + પીલો (Reliance)
કોર્પોરેટઓફિસ/ ડાઈગહાઉસ/કારખાના/સહકારી મંડળીઓએ સ્ટાફ તથા સભાસદોને ગીફ્ટ આપવા ક્વોન્ટીટી ખરીદી માટે
શ્રી અંબા ટ્રેડીંગ-હોલસેલ ડેપો
''પ્રેમકૂંજ'' બિલ્ડીંગ, ઘાંચીશેરી-૧, ટાવર સામે, સુરત.
ફોનઃ ૨૪૩૨૦૮૭ - ૨૪૨૫૧૦૨



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ e-mail:mitra@gujaratmitra.in ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2015-17 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૫૫ ⁂ સંવત ૨૦૭૩ આસો સુદ છઠ, મંગળવાર ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ ⁂ દૈનિક : ૮૧ - અંક : ૨૭૯ પાનાં ૧૬ કિંમત ₹ ૪.૦૦


# સૌના માટે વીજળીની 'સૌભાગ્ય' યોજનાનો આરંભ

**દેશના** વીજ જોડાણથી વંચિત ચાર કરોડ કુટું બોને ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં વીજ કનેક્શન આપવાનો હેતુ : દેશના તમામ ગામડાઓનું આ વર્ષનાં અંત સુધીમાં વિદ્યુતીકરણ કરવાનું પણ લક્ષ્ય

**ગરીબ** કુટુંબોને બિલકુલ મફતમાં ઇલેક્ટ્રીક કનેક્શન આપવામાં આવશે, જો કે વીજળીના વપરાશ માટે તેમણે નાણા ચુકવવાના રહેશે, રૂા. ૧૬૩૨૦ કરોડની યોજના

**દેશ** વીજસંકટમાંથી વીજળી સરપ્લસ તરફ આગળ વધી રહ્યો છે : મોદી




### કોને લાભ મળશે ?

૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ ગરીબી રેખા નીચે આવતા કુટુંબોને વિજ કનેક્શનો મફત મળશે જ્યારે તે વખતે જેમની ગરીબી રેખા નીચે નોંધણી થઇ ન હતી તેવા વિજળીથી વંચિત ગરીબ કુટુંબોને રૂ. ૫૦૦માં વિજ જોડાણ મળશે જ રકમ તેમણે વિજળીના બિલ સાથે રૂ. ૫૦ના દસ હપ્તામાં ચુકવવાની રહેશે.

### પ્રિ-પેઇડ સ્માર્ટ મીટરો લાગશે

જે કુટુંબને વિજળી કનેક્શન અપાશે તેમના ઘર પર સ્માર્ટ મીટર લાગશે. આ મીટરો પ્રિ-પેઇડ હશે. એટલે કે પોતાના વપરાશના અંદાજ મુજબ પ્રિપેઇડ મોબાઇલ ફોનની જેમ તેમને પહેલાથી રિચાર્જ કરવાના રહેશે. ચાર્જીંગની રકમ પુરી થઇ જતા મીટર ફરતું બંધ થઇ જશે અને વિજળી પુરવઠો પણ બંધ થઇ જશે. ફરી પુરવઠો ચાલુ કરાવવા કનેક્શન રિચાર્જ કરાવવાનું રહેશે. ભીમ એપથી પણ આ રિચાર્જ થઇ શકશે.

નવી દિલ્હી, તા. ૨૫ : દેશના વિજળીથી વંચિત એવા ચાર કરોડ શહેરી અને ગ્રામ્ય કુટુંબોને ડીસેમ્બર ૨૦૧૮ સુધીમાં વિજળી પુરવઠાના જોડાણો પુરા પાડવા માટેની રૂ. ૧૬૦૦૦ કરોડથી વધુ રકમની મહત્વાકાંક્ષી પ્રધાનમંત્રી સહજ બિજલી હર ઘર યોજના સૌભાગ્યનો આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આરંભ કરાવ્યો હતો.

રૂ. ૧૬૩૨૦ કરોડની આ યોજના દેશના ૪ કરોડ એવા કુટુંબોને વિદ્યુત પુરવઠો પહોંચાડવાનો આશય ધરાવે છે જેઓ અત્યાર સુધી આનાથી વંચિત હતા. ડીસેમ્બર ૨૦૧૮ સુધી તમામ કુટું બોને વિજળી કનેકશન પુરુ પાડવાની સરકારની દરખાસ્ત છે.

અગાઉ આ લક્ષ્ય માર્ચ ૨૦૧૯નું હતું. આ ઉપરાંત દેશના તમામ ગામડાઓનું વિદ્યુતીકરણ આ વર્ષના ડીસેમ્બર સુધી કરવાનું પણ લક્ષ્ય છે જેનું અગાઉનું લ૧૫ ૧ મે, ૨૦૧૮હતું. આ એ બાબતનું પ્રતિબિંબ પાડે છે કે સરકારની કાર્યશૈલી અને ઇચ્છા શકિત કેવા છે એ મુજબ વડાપ્રધાને કહયુ

...અનુસંધાન પાના 4 પર ➲

## રાહુલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે

# રાહુલનો બળદગાડામાં રોડ શો

**દ્વારકાધીશના** મંદિરે રાહુલે દર્શન કર્યા, જીએસટી-નોટબંધી મામલે મોદી સરકાર પર પ્રચાર કરતા કહ્યું ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે

રાહુલે લોકોને પૂછયું: ગુજરાતમાં વિકાસને શું થયું છે? લોકોએ જવાબ આપ્યો વિકાસ ગાંડો થયો છે!





(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)

ગાંધીનગર, તા.૨૫: આજથી સૌરાષ્ટ્રમા ત્રણ દિ' માટે વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસની પ્રચાર ઝુબેશનેવધુ તેજ બનાવવા આવી પહોચેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ભાજપને તેના જ શસ્ત્રથી પરાજીત કરવાનો નિર્ણય લીધો હોયે તેમ આજે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન કરીને પ્રચારના શ્રીગણેશ કર્યા હતાં. રાહુલ ગાંધીએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમા કોંગ્રેસની સરકાર બનશે તેમણે એવું પણ કહયું હતું કે તે ગુજરાતના લાકો કહે છે કે વિકાસ ગાંડો થયો છે.રાહુલ ગાંધી દ્વારા જામનગર અને રાજકોટમા ખુલ્લી જીપમા પ્રચાર કરવા માટે ઇચ્છા વ્યકત કરી છે જો કે તેમને સુરક્ષા અને સલામતીના કારણોસર પોલીસ દ્વારા આ રીતની મંજૂરી આપવામાં આવી નથી. તેઓ આજે સવારે મીઠાપુર ખાતે આવી પહોચ્યા ત્યારેલ ગજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલં કી, અશોક ગેહલોત ,અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ દ્વારા તેમનું ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્રણ દિવસની મુલાકાત દરમ્યાન રાહુલ ગાંધી જામનગર તેમજ રાજકોટ અને સુરેન્દ્રનગર અને છેવટે વિરમગામ થઈને અમદાવાદમાં પ્રવેશ કરશે. રાજકોટમા તેઓ ખોડલ ધામ ખાતે પાટીદાર સમાજના કુળદેવી માતાજીના દર્શન કરશે.

જામનગરના ભાટીયા ગામ ખાતે કોંગીના યુવરાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અહી તેમણે કોંગ્રેસની સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હંજરાપરમા શણગારેલા બળદગાડામાં તેમના રોડ શો યોજાયો હતો.જયા ગાંધીએ મોદીએ તેમજ રૂપાણી સરકાર પર આકાર શાબ્દિક પ્રહારો કર્યા હતાં.તેણે કહયું હતું કે ગુજરાતમાં વિકાસનો અર્થ એટલે ઉધોગપતિઓનો વિકાસ તેવો અર્થ થાય છે.શું આજ છે ગુજરાતનુ વિકાસ મોડેલ ? જામનનવગરના વરતાલા ગામમાં રાહુલ ગાંધીએ ખેચ પંચાયત યોજી

...અનુસંધાન પાના 4 પર ➲

## બાકી, તમે જાણો ! - નીલ




### તા.૨૫-૦૯-૨૦૧૭નું સુરત શહેરનું હવામાન

| | | | |
|---|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 00.00 મીમી. | મોસમનો ૧૧૦૯.૦૪ મીમી. | |
| ઉકાઇ | સપાટી ૩૨૩.૨૬ ફૂટ | આઉટફ્લો ૬૦૦ ક્યૂસેક | |
| તાપમાન | મહત્તમ ૩૨.૪° સે. | લઘુત્તમ ૨૬.૦° સે. | ભેજ ૫૯% |

## મોદીનું ફરી દોલતાબાદથી દિલ્હી!

# મોદીએ યુપીએ શાસન સમયની આર્થિક સલાહકાર પરિષદને ફરી સજીવન કરી

**પાંચ સભ્યોની** આ પરિષદ આર્થિક બાબતોનું વિશ્લેષણ કરશે અને વડાપ્રધાનને સલાહ આપશે

**યુપીએ** સરકાર વખતે ઘણું મહત્વનું સ્થાન ધરાવતી આ સમિતિને મોદી સરકારે આયોજન પંચની સાથે નાબૂદ કરી નાખી હતી

**હવે આર્થિક** મુશ્કેલીના સમયે ફરી રચના કરવામાં આવી : ઇકોનોમિક એડવાઇઝરી કમિટિમાં દેશના ત્રણ પ્રખર અર્થશાસ્ત્રીઓની પાર્ટ ટાઇમ સભ્ય તરીકે નિમણૂંક

નવી દિલ્હી, તા. ૨૫ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલની ફરી રચના કરી હતી જે કાઉન્સિલ કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારના સમયમાં એક મહત્વની સંસ્થા તરીકેનું સ્થાન ધરાવતી હતી. આ આર્થિક સલાહકાર પરિષદ અર્થશાસ્ત્ર અને અન્ય મુદ્દાઓનું વિશ્લેષણ કરશે.

આ આર્થિક સલાહકાર સમિતિમાં પાંચ સભ્યો રહેશે અને નીતિ આયોગના સભ્ય બિબેક ડેબ્રોય તેનું વડપણ સંભાળશે. આ સમિતિના અન્ય સભ્યોમાં નીતિ આયોગના મુખય સલાહકાર રતન વાટલ સભ્ય હશે જ્યારે અર્થશાસ્ત્રીઓ સુરજીત ભલ્લા, રાથીન રોય અને અશીમા ગોયલ તેના ખંડ સમયના સભ્યો રહેશે. આ પાંચ સભ્યોની સમિતીમાં ભારે પ્રતિષ્ઠા અને પીઢતા ધરાવતા અર્થશાસ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયુ છે.

આ ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલ (ઈએસી) અર્થશાસ્ત્રને લગતા અથવા અન્ય મુદ્દાઓ કે જે વડાપ્રધાન દ્વારા તેને સોંપવામાં આવે તેનું ...અનુસંધાન પાના 4 પર ➲

# મારા કોઇ સંબંધી નથી ને કોઇ ભ્રષ્ટાચારી બચવાનો નથી: મોદી

**ભ્રષ્ટાચાર** સામેની મારી લડાઇમાં કોઇ સમજૂતી નહીં : મોદી

નવી દિલ્હી, તા. ૨૫ (પીટીઆઇ) : નોટબંધી અંગે વિપક્ષના હુમલા સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતુ કે જ્યારે તેઓ સરકારમાં હતા ત્યારે તેમના માટે સત્તાનો મતલબ આનં દપ્રમોદ હતો હવે તેઓ વિપક્ષ તરીકે કેવી રીતે વર્તવું તે ભુલી ગયા છે. સાથે જ તેમણે એવી ખાતરી ઉચ્ચારી હતી કે ભ્રષ્ટાચાર સામેની તેમની લડાઈમાં કોઈ સમજૂતી નહીં થાય અને તેમાંથી કોઈ બચી શકશે. નહીં. દેશભરમાંથી આવેલા પક્ષના ધારાસભ્યો અને ભાજપની રાષ્ટ્રીય કારોબારીને સંબોધતા મોદીએ તેમને પક્ષને ચૂંટણીથી આગળ લઈ જવાનું કહીને જણાવ્યું હતું કે લોકોના જીવનધોરણને સુધારવા માટે જનભાગીદારી થાય તે જરૂરી છે.

૧૩ મુખ્યમંત્રીઓ, છ નાયબ મુખ્યમંત્રીઓ, ૬૦ કેન્દ્રિય મંત્રીઓની સાથે જ પક્ષના સાંસદો અને ધારાસભ્યો સહિતના અન્યોની હાજરીવાળી મીટિંગમાં મોદીએ બંધબારણે કરેલી આ ટીપ્પણીઓને પક્ષના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીએ મીડિયા સાથે વહેંચી હતી. વડાપ્રધાને આ મીટિંગમાં એવું રેખાંકિત કર્યુ હતુ કે ભ્રષ્ટાચાર સામેની મારી લડાઈમાં કોઈ સમજૂતી નહીં થાય. ભ્રષ્ટાચાર મામલે મારો કોઈ સંબંધી નથી અને તેમાંથી કોઈ બચી શકશે નહીં. તેમણે વિપક્ષની હાંસી ઉડાવતા કહ્યું હતું કે સરકાર સામે કોઈ વિકલ્પ ન હોવાને કારણે તેઓ અણછાજતી ટીકા કરીને આરોપો મુકી રહ્યા છે.

# વંશવાદના રાજકારણનો બચાવ કરવા બદલ રાહુલ ગાંધીને વખોડતા ભાજપ પ્રમુખ અમિત શાહ

**ભાજપ** કારોબારીના ઉદઘાટન પ્રવચનમાં ભાજપ પ્રમુખે કોંગ્રેસને ઝાટકી

**કોંગ્રેસ** તુષ્ટીકરણ અને વંશવાદમાં માને છે, ભાજપ કામ કરવામાં માને છે

**મોદીના** રાજમાં અર્થતંત્ર મજબૂત થયુ હોવાનો દાવો



નવી દિલ્હી, તા. ૨૫ : હાલમાં અમેરિકામાં ભારતના વંશવાદના રાજકારણનો બચાવ કરવા બદલ કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીને ભાજપ પ્રમુખ અમિત શાહે વખોડયા હતા જેમણે જણાવ્યુ હતું કે ભાજપ કામકાજના રાજકારણમાં માને છે જ્યારે કોંગ્રેસ તુષ્ટિકરણ અને વંશવાદ પર આધાર રાખે છે.

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકના ઉદઘાટન પ્રવચનમાં શાહે કહયૂ હતું કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપપ્રમુખ વેંકૈયા નાયડુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય કુટુંબમાંથી આવ્યા હોવા છતાં તેમના કાર્યને લઇને તેમના હોદ્દાઓ પર પહોંચ્યા છે. આ પ્રવચન જો કે બંધ બારણે યોજાયુ હતું

...અનુસંધાન પાના 4 પર ➲




■ અનિલ આનંદ

### મુલાયમ સિંહ યાદવ અને ભારતીય રાજકારણનું કપટી શિયાળ!!

ભારતીય રાજકારણનું કપટી શિયાળ અને સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમ સિંહ યાદવ બંને એક જ છે એવું ફરી પુરવાર થઇ રહ્યું છે. લખનૌમાં સમાજવાદી પાર્ટીનું રાજ્ય એકમનું સંમેલન મળ્યું તેના બીજા જ દિવસે એવા અહેવાલો સામે આવવા માંડ્યા હતા કે તેઓ ટુંકમાં જ નવી રાજકીય પાર્ટીની જાહેરાત

...અનુસંધાન પાના 4 પર ➲

# સ્ટેટ બેન્કે લઘુતમ બેલેન્સની મર્યાદા અને ચાર્જીસ ઘટાડ્યાઃ લઘુતમ બેલેન્સ રાખવામાંથી પેન્શનરો, બાળકોને મુકિત

**મહાનગરોમાં** લઘુતમ બેલેન્સની મર્યાદા ઘટાડીને રૂ. ૫૦૦૦ને બદલે રૂ. ૩૦૦૦ કરવામાં આવી, તમામ કેટેગરીઓમાં લઘુતમ બેલેન્સ નહીં જાળવવા બદલ વસૂલ કરાતા ચાર્જીસમાં ૨૦થી ૨૫ ટકાનો ઘટાડો કરાયો

**પેન્શનરો,** સરકારી યોજનાઓના લાભાર્થીઓ અને સગીર વયના ખાતાધારકોને લઘુતમ બેલેન્સ રાખવામાંથી મુકિત

**નવા નિયમો** ઓક્ટોબરથી અમલી બનશે સગીર વયના બાળકોના સ્કોલરશિપ માટેના એકાઉન્ટમાં પણ દંડ વસૂલાતા ભારે ઉહાપોહ થયો હતો




મુંબઇ, તા. ૨૫ : દેશની સૌથી મોટી ધિરાણકર્તા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા(એસબીઆઇ)એ બચત ખાતામાં રાખવાની સરેરાશ માસિક લઘુતમ થાપણની મર્યાદા ઘટાડી છે અને આ લઘુતમ બેલેન્સ નહીં રાખવા બદલ વસૂલવાના દંડ અથવા ચાર્જની રકમ પણ ઘટાડી છે.

આ સુધારેલ માસિક બેલેન્સની મર્યાદા અને ચાર્જીસ ઓકટોબરથી અમલમાં આવશે એમ બેન્કે એક નિવેદનમાં જણાવ્યુ હતું. મહાનગરોમાં બચત ખાતાઓમાં જે રૂ. ૫૦૦૦ લઘુતમ બેલેન્સ રાખવાની જરૂરિયાત હતી તે હવે નવા નિયમ મુજબ રૂ. ૩૦૦૦ જ રહેશે . બેન્કે જણાવ્યુ છે કે મહાનગર (મેટ્રો) અને શહેરી (અર્બન)ને હવે એક જ કેટેગરીમાં ભેગા કરી દેવામાં આવ્યા છે અને તે મુજબ મહાનગરોમાં પણ હવે શહેરી વિસ્તારની રૂ. ૩૦૦૦ સરેરાશ માસિક બેલેન્સની જ મર્યાદા લાગુ પડશે. શહેરી વિસ્તાર માટે રૂ. ૩૦૦૦ , અર્ધશહેરી માટે રૂ. ૨૦૦૦ અને ગ્રામીણ માટે રૂ. ૧૦૦૦ લઘુતમ બેલેન્સની જે મર્યાદા ઠરાવવામાં આવી હતી તેમાં કોઈ ફેરફાર નથી પણ આ કેટેગરીઓમાં લઘુતમ બેલેન્સ નહીં રાખવા બદલ જે ચાર્જ લાગુ પાડવામાં આવતા હતા તે સુધારીને ઘટાડવામાં આવ્યા છે. લઘુતમ માસિક થાપણ નહીં રાખવા બદલ વસૂલવામાં આવતી રકમ ઘટાડવામાં આવી છે. તમામ જૂથો અને કક્ષાઓ મળીને ૨૦થી ૨૫ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો છે. જે મુજબ હવે અર્ધ શહેરી (સેમી અર્બન) અને ગ્રામીણ (રૂરલ) વિસ્તારોની શાખાઓમાં લઘુતમ બેલેન્સ નહીં રાખવા બદલના ચાર્જ રૂ. ૨૦થી રૂ. ૪૦ રહેશે જ્યારે શહેરી અને મહાનગરીય કેન્દ્રો ...અનુસંધાન પાના 4 પર ➲

# મુંબઇમાં સારવાર થઇ હતી એ વિશ્વની સૌથી સ્થૂળકાય મહિલાનું યુએઇની હોસ્પિટલમાં મૃત્યુ

**એક તબક્કે** ૫૦૦ કિલો જેટલુ વજન ધરાવતી ઇજિપ્તની ઇમાન અત્તીનું ૩૭મા જન્મદિનના થોડા જ દિવસો પછી અબુધાબીની હોસ્પિટલમાં અવસાન

**ભારેખમ** વજનને લીધે હ્દયરોગની સાથે કિડની નિષ્ફળ જવાની સમસ્યા પણ હાલ સર્જાઇ હતી

**મુંબઇની** સૈફી હોસ્પિટલમાં ડોકટરો સાથે સારવાર બાબતે તેના કુટુંબીજનોને વિવાદ સર્જાયો હતો



અબુ ધાબી, કેરો, તા. ૨૫ : વિશ્વની સૌથી વધુ વજનવાળી મહિલા જેને માનવામાં આવતી હતી તે ...અનુસંધાન પાના 4 પર ➲

### ઇમાનના મોત બાદ સૌથી વજનદાર મહિલાનો ખિતાબ ન્યુજર્સીની ડોના સિમ્પસનના શિરે



ન્યુજર્સી, તા. ૨૫ : વિશ્વની સૌથી વજનદાર મહિલા તરીકેનો ખિતાબ ધરાવતી ઇજિપ્તની ઇમાન અહમદનું આજે નિધન થયું તેની સાથે જ હવે સૌથી વજનદાર મહિલાનો ખિતાબ અમેરિકાના ન્યૂજર્સીની રહીશ ડોના સિમ્પસનને શિરે મુકાયો છે. ૨૭૩ કિલો વજન ધરાવતી ડોનાનું નામ સૌથી વજનદાર માતા તરીકે પહેલાથી જ ગિનેસ બુક ઓફ રેકોર્ડ્સમાં સામેલ છે. ૪૯ વર્ષની ડોનાને ચાલવા ફરવામાં મુશ્કેલી પડે છે અને તેણે દરેક સ્થળે જવા માટે એક ખાસ ગાડીનો ...અનુસંધાન પાના 4 પર ➲